

વિશ્વ વત્સલ
પ.પૂ.ગુરુદેવશ્રી હેમચન્દ્રસૂરીશ્વરજી મહારાજા

# વૈરાગ્ય દેશના માં
# હજી પણ દક્ષ

## Listen, He is still Speaking...

શ્રાદ્ધવર્યા શ્રીમૂળીબહેન અંબાલાલ સંસ્થાપિત
સંઘવી અંબાલાલ રતનચંદ જૈન ધાર્મિક ટ્રસ્ટ

ભાદરવો, વિ-૨૦૭૭
ઓક્ટોબર - 2021

## ઉદ્ગારો
વૈરાગ્યદેશનાદક્ષ ગુરૂદેવશ્રી હેમચન્દ્રસૂરીશ્વરજી મહારાજા

## આધાર
ગુરૂદેવશ્રીના અનેક પુસ્તકો

## સંયોજન
સુશ્રાવક શ્રીઅપૂર્વભાઈ અને સુશ્રાવક શ્રીહિમાંશુભાઈ

## અક્ષરાંકન અને સાજ-સજ્જા
સુશ્રાવક શ્રીનિખિલભાઈ અને તેમની ટીમ.

**ગુરૂદેવશ્રીની**
**આવી જીવંત પ્રસ્તુતિ કરવા દ્વારા**
**વિરહવ્યથા દૂર કરી સાક્ષાત્કારનો ઉપહાર ધરવા બદલ**
**સુશ્રાવક શ્રી નિખિલભાઈ અને તેમની ટીમને**
**ખૂબ ખૂબ ધન્યવાદ...**

આ  પુસ્તક નથી,
પણ એક ભાવવિશ્વ છે.
આમાં રહેલી
ગુરૂદેવશ્રીની પ્રત્યેક પ્રતિકૃતિ
એક ગ્રંથ છે.
જીવંત ગ્રંથ.
આપણી, જેમ ન વાંચવાની ટેવ ખોટી છે,
તેમ વાંચી જવાની ટેવ પણ ખોટી છે.
જુઓ.
સાંભળો.
અનુભવો.
અને ઓગળી જાઓ...
તમારા હાથમાં ચિંતામણિ આવ્યો છે.
આ એની સમ્યગ્ આરાધના છે.
કરશો, તો ન્યાલ થઈ જશો.

બીજાના આક્રોશ વચન સાંભળી જે આનંદ પામે છે,
બીજાના પથ્થરોના મારથી જેના રોમ આનંદથી
વિકસ્વર થાય છે,
જે પ્રાણાંતે પણ અન્યના દોષોને જોતો નથી,
સાંભળતો નથી, બોલતો નથી.
તે યોગી નિશ્ચયથી જલ્દી
મોક્ષને પામે છે.



જગતની ઘટનાઓ તો બન્યા કરવાની છે. જીવનમાં પુણ્યપાપના ઉદયના કારણે સુખ -દુ:ખ, અનુકૂળતા - પ્રતિકૂળતા, ઈષ્ટ - અનિષ્ટ થયા કરવાનું. ઉદયમાં આવતા કર્મના અસ્ખલિત પ્રવાહને કોણ અટકાવી શકવાનું છે ? આપણે જ સત્વ વિશેષ પ્રગટ કરીને આવતા પ્રસંગોમાં સમાધિ જાળવતા - રાખતા શીખવાનું છે.




આપણને ત્રણ મહાન શક્તિઓ મળી છે,
મન -વચન- કાયા. આનો વધુ ને વધુ
સદુપયોગ કરી જબરજસ્ત પુણ્યાનુબંધી
પુણ્ય ઉપાર્જન કરીએ તથા
વિપુલ કર્મ - નિર્જરા કરી
શીઘ્ર મુક્તિને પામીએ.






પ્રભુ! હે અનંત કરૂણાના સાગર એવા વિહરમાન જિનેશ્વર ભગવંતો તથા ત્રણે કાળના અનંત તીર્થંકર ભગવંતો મારા પર એવી કરૂણા વહેવડાવો કે, હું આપના પ્રત્યે કે આપના ગુણો પ્રત્યે ઉત્કૃષ્ટ બહુમાનનું સંવેદન કરી શકું. પ્રભુ! આપના પ્રત્યે આ પ્રાર્થના દોહરાવું... એને ધ્યાનમાં લઈ પૂર્ણ કરશો એવી અપેક્ષા રાખું છું.



## दिट्ठेहिं णिव्वेयं गच्छेज्जा

આચારાંગ સૂત્ર કહે છે -
વિશ્વનું વાસ્તવિક દર્શન થશે તો,
વૈરાગ્ય સિવાય બીજું કશું પણ થવું અશક્ય છે.



# રૂપ પ્રગટે સહજ આપણું, દેખતા દ્રષ્ટિ સ્થિર મેલ.



ઈન્દ્રિયોના વિષય
સ્વરૂપ જે રૂપ છે.
તેનાથી મારૂ રૂપ
જુદું છે. આનંદ
ભરપૂર જ્યોર્તિમય
મારૂ રૂપ છે.

" પ્રભુ દેવાધિદેવ છો
!! તુજ ચરણે ભાવ
ભર્યાં વંદન હો ..."
વાંછિત આપવાને
ચિંતામણી સમાન છો,
કામિત પૂરણ માટે
કલ્પવૃક્ષ સમાન છો.
મહાવિદેહક્ષેત્રમાં
વિચરી રહ્યા છો.
અનેક જીવોને
પ્રતિબોધ કરી રહ્યા
છો. એવા વીશ
વિહરમાન જિનને
ભાવથી નમું છું.
નમસ્કાર હો..
નમસ્કાર હો..
નમસ્કાર હો.






પ્રભુના ધ્યાનમાં જો ચિત્ત ચોંટી જાય, મન લાગી જાય તો એમાં એટલો બધો આનંદ આવે કે ક્ષુદ્ર સુખ - દુઃખના નિમિત્તોની અસર ન થાય. વળી બીજી બાજુ પુણ્ય પણ એવું ઉપાર્જન થાય કે દુઃખના નિમિત્તો સુખમાં પલટાઈ જાય. બધા જ કાર્યોમાં સિદ્ધિ મળતી થઈ જાય.

ચક્રવર્તીને પણ સત્વ જાગે એટલે એ વિરાટ છ ખંડના સામ્રાજ્યને પણ ધૂળ ખંખેરીએ એ રીતે છોડી દે છે. જ્યારે નિ:સત્વ ભિખારી પોતાના ભીખ માંગવાના ચપ્પણીયાનો પણ ત્યાગ કરી શકતો નથી.



આપણા પ્રભુએ જગતના સર્વ જીવો પ્રત્યે
જ્યારે વાત્સલ્યભાવ પ્રગટ કર્યો છે, તો
આપણે પ્રભુના વાત્સલ્યપાત્ર એવા કોઈ
પણ જીવ પ્રત્યે અસદ્‌ભાવ કેવી રીતે રાખી
શકીએ? અરિહંતની કરૂણા અસીમ છે.
અભવ્ય જીવો પણ પ્રભુની કરૂણાની
સીમાની બહાર નથી. ભયંકર ઉપદ્રવો
કરતાં સંગમ પ્રત્યે પ્રભુની કરૂણા વધે છે,
ઘટતી નથી.





અંતરના ઊંડાણમાંથી ઉત્પન્ન
થયેલી વિશુદ્ધ ભાવનાઓ
કદી પણ નિષ્ફળ જતી નથી.
આ એક વિશ્વનો અટલ
સિદ્ધાંત છે.

# આત્માનો અસ્વીકાર એ નાસ્તિકતા, આત્માનું વિસ્મરણ એ પ્રમાદ.




"શ્રધ્ધા, સમર્પિતતા અને આજ્ઞાપાલન." આ ત્રણ ગુણ સૌથી મહત્વના છે. આ ત્રણ ગુણ દ્વારા સકલ સંસારની પાર ઉતરી શકાય છે.






એક જીવ સ્વર્ગમાં દેવ થાય છે. ત્યાં
દેવાંગનાઓના મુખરૂપ કમળ વિશે
ભ્રમર જેવો થાય છે. બીજો એક
જીવ નરકમાં પરમાધામી દેવો દ્વારા
સ્વ-શરીરમાંથી માંસ છેદન તથા
લોહી પીવાના દુ:ખો સહે છે.
આ સંસારની વિચિત્રતા છે.

પ્રભુ ! આજ સુધી આપમતિએ હું ઘણો અવળો ચાલ્યો અને તેથી જ આ ભયંકર સંસારમાં રખડતો રહ્યો, હવે મારે આપની મતિ(આજ્ઞા) જ સ્વીકાર્ય છે. એનાથી જ ભવ-દુ:ખોનો અંત આવશે. એમ મારૂ અંતર કહે છે. આપને અને આપના વચનને જ તારણહાર માની એનું શરણ સ્વીકારું છું.



વિચારો, ખૂબ ધીરજથી વિચારો, એક બાજુ ભયંકર દુઃખો આપનાર, અરે સંસારમાં જેને મહાન દુઃખ મરણનું છે, તેવા અનંત મરણો આપનાર આ સંસાર છે. બીજી બાજુ, અનંત દુઃખોથી છોડાવી, વિશ્વમાં સમાય નહીં તેવા એકાન્તિક અનંત સુખને - ભાવિના અનંત કાળ માટે આપનાર આ દેવ - ગુરૂ ધર્મ છે. કોના શરણે જવું છે?





જેની આત્મામાં સ્થિર સ્થિતિ છે,
તેનો જ મોક્ષ થાય છે.
જેની આત્મામાં સ્થિર સ્થિતિ નથી,
તેનો મોક્ષ ક્યારે પણ થતો નથી.




"नमो अरिहंताणं" માં "अरिहंत" પદ એ અરિહંત પરમાત્માનો જ શબ્દમય દેહ છે. અરિહંત પરમાત્મા સાથે અભિન્ન છે.એટલે વાચ્ય દેવતાથી જે કાર્યો થઈ શકે તે સઘળા કાર્યો આ મંત્રપદથી પણ થઈ શકે છે. એટલે અરિહંત પરમાત્મા વિચરતાં દેવાધિદેવથી જે કાર્ય થઈ શકે છે, તે "अरिहंत" પદ થી થઈ શકે છે.

પ્રભુ! તમારી ભક્તિથી મોહનો હંમેશ માટે નાશ થશે, તેથી આનંદ થાય છે. પરંતુ મોહના નાશ પછી તમને વંદન નહિ થાય, તેથી મન મૂંઝાય છે.



પ્રભુ! આપ ભવરોગના વારકવૈદ્ય છો. મારા ભાવરોગોને નિવારો, મને સંસાર સાગરથી ઉગારો, ભવભ્રમણથી પાર ઉતારો, મારા હૈયામાં સદા વાસ કરો. આપની સાથે અભેદપણે મેળવી દો. ભાવરોગોને ટાળી પરમ આરોગ્ય પ્રગટ કરાવો.





શાશ્વત એવા
શ્રી નવકારમંત્રના વિધિનિષ્ઠા
પૂર્વકના જાપમાંથી જન્મતા
સર્વ મંત્રાદિ આંદોલનો,
કલ્પના થીજી જાય એવા
કામો કરી શકે છે. એવી
અદભૂત શક્તિ નવકારમંત્રના
અક્ષરોમાં વણાયેલી છે. જરૂર
છે માત્ર શ્રદ્ધા, શુધ્ધોચારણ.

વિજ્ઞાન પોતાના અભિપ્રાયો વારંવાર
બદલે છે. ધર્મ પોતાના સિદ્ધાંતો ક્યારેય
ફેરવતો નથી. વિજ્ઞાનરૂપ બાળકે આગળ
વધવા, સત્ય મેળવવા, શાંતિ અને સુખ
પામવા ધર્મરૂપી પિતાની
આંગળી પકડવી પડશે.





જીવોને દુ:ખોથી મુક્ત કરવા હોય અને સુખી
કરવા હોય તો તેમને પાપોથી છોડાવવા
જોઈએ. અને ધર્મની પ્રવૃત્તિમાં જોડવા
જોઈએ. તેમના મન -વચન-કાયાના યોગને
શુદ્ધ કરવા જોઈએ. આ માટે મારે તેમનું
અજ્ઞાન દૂર કરવું જોઈએ.

સર્વોત્તમ દ્રવ્યોથી અને સર્વોત્તમ ભાવથી પ્રભુ અને પ્રભુશાસનની - સંઘની ભક્તિ કરૂ. એવું સામર્થ્ય અને અહોભાવ આપજો, દેવાધિદેવ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ પ્રભુ.



નામ સ્મરણ એ ગુણ
સંપન્ન અને
કલ્યાણકારી છે.
એટલે જ તેને
ભક્તિનું પ્રધાન
અંગ કહેલ છે. એક
વખત આરાધકના
હૃદયમાં અરિહંત
ભગવંતના નામ
પ્રત્યે અનન્ય શ્રદ્ધા
પ્રગટે, અંતરંગ પ્રીતી
જાગી ઉઠે, ત્યારે
બોધિની
વિશુધ્ધિમાં નામ
સ્મરણ પરમ
નિમિત્ત બને છે.




મંત્રો અચિંત્ય શક્તિવાળા હોય છે.
મંત્રોમાં જે અચિંત્ય શક્તિ હોય છે,
તે તર્કનો વિષય નથી.
શ્રી નમસ્કાર મહામંત્ર આદિ પવિત્ર
મંત્રોના ભાવ પૂર્વક જાપ, ધ્યાન
વગેરેથી જ્ઞાનવરણાદિ કર્મોનો
ઝડપથી નાશ થાય છે.





મંત્રપદોના નિર્માતા સત્ય સંકલ્પ મુનિઓ જ હોય છે. મંત્રમાં જે સામર્થ્ય છે, તે તેઓના સત્ય સંક્લ્પતાના કારણે જ હોય છે. સત્ય સંક્લ્પતા, પ્રાણાતિપાત વિરમણાદિ મહાવ્રતોના પાલનથી, છટ્ઠ-અટ્ઠમ વગેરે વિકૃષ્ટ તપથી તથા મૈત્ર્યાદિ શ્રેષ્ઠ ભાવનાઓના પ્રભાવથી થાય છે.




મંત્ર પદનું
આલંબન લેનાર
ધ્યાતામાં ધ્યેયની
સર્વ શક્તિઓ
ક્રમશઃ પ્રગટ
થાય છે. અને
પરિણામે ધ્યાતા
સ્વયં ધ્યેય
સ્વરૂપ બની જાય
છે.

પ્રભુનું આલંબન કરતાં
સેવકને પણ પ્રભુતા મળે.
અનંતા અરિહંતોએ બીજા
અનંતાને અરિહંતના
પુણ્ય દીધા. નામ અને
સ્થાપના અરિહંતના
આલંબનથી પણ અનંત
જીવોએ તીર્થંકરપણું
પ્રાપ્ત કર્યું છે.




અજ્ઞાન એ મૃત્યુ છે.
જ્ઞાન એ જીવન છે.
અજ્ઞાન એ અંધાપો
છે. જ્ઞાન એ દ્રષ્ટિ છે.
અજ્ઞાન એ દુ:ખનો
દાવાનળ છે. જ્ઞાન એ
સુખમય સ્વર્ગ છે.
અજ્ઞાન એ જ નરક છે.
જ્ઞાન એ સ્વર્ગ છે.





દિવ્યશક્તિ
વિભૂષિત
મંત્રદેવતાનો
વારંવાર જાપ
કરતા મનુષ્ય
દિવ્ય શક્તિથી
વિભૂષિત થાય
છે. અને આ
જગતમાં
અસાધારણ કાર્યો
કરી શકે છે.
મંત્રાક્ષરની
વારંવાર આવૃત્તિ
કરવી એટલે
રટણ કરવું, તેને
જાપ કહેવાય છે.

આપત્તિઓ આવે ત્યારે આપણે અનિત્યાદિ
ભાવનાઓ યાદ કરતાં નથી. બાકી તો
વિશ્વને, જિનશાસનની આ એવી શ્રેષ્ઠ દેન છે
કે, ભયંકરમાં ભયંકર આપત્તિઓમાં પણ
આપણે પ્રત્યેક પળ મસ્તી અનુભવીએ,
બીજા બધા સાધનો મૃગજળ જેવા છે, જે
સુખ શાંતિ આપવા સમર્થ નથી.



શું યમરાજ મૃત્યુ પામ્યો છે? રોગો બધા
નાશ પામ્યા છે? નરકો બધી બંધ થઈ
ગઈ છે? શું આયુષ્ય, ધન, બાંધવો, વગેરે
શાશ્વત છે? જેથી જીવો આત્મકલ્યાણ
ભૂલીને વિષયોમાં મોહાંધ બને છે.



ખૂબ ગંભીરપણે વિચારીને નિર્ણય
કરવાનો છે. એક મળેલી તક ચાલી
જશે તો, અનંત દુ:ખના ઊંડા ખાડામાં
પટકાવાનું છે. મળેલી તક જો ઝડપી
લેવાશે તો, અનંત સુખના ઊંચા શાશ્વત
સુખના સ્થાને પહોચાશે.





ધનથી, પરિવારથી, દેવતાઓથી,
પરિચિતોથી કે મંત્રો વડે પણ કોઈનું
યમરાજથી રક્ષણ થઈ શકાયું નથી.
હે મૂઢ ! આ તું કેમ વિચારતો નથી.


ધનની પાછળ લીન બની કરોડો રૂપિયા ગમે
તે રીતે મેળવવા, અને તેનો સુકૃતોમાં
ઉપયોગ ન કરાતા માત્ર સંગ્રહ જ કરી
રાખશો કે મોજ-શોખમાં જ વાપરશો તો,
દુર્ગતિમાં જવાનું નિશ્ચિત સમજજો.




જીવ માત્ર પ્રત્યે મૈત્રી-પ્રમોદ-કરૂણા-મધ્યસ્થ
ભાવ તથા પુદ્ગલ પ્રત્યે વૈરાગ્યભાવ, પાંચે
ઈન્દ્રિયોના અનૂકૂળ વિષયોમાં રાગ થાય નહિ .
પ્રતિકૂળ વિષયોમાં દ્વેષ થાય નહિ. એવું કરવું,
એ જ આપણી સાધનાનું મુખ્ય અંગ છે.




મારે કરવા છે શાસનના કાજ, ગમે તેવા
સંકટોમાં ઝઝૂમવું પડે તો ઝઝૂમીને, ગમે તેવા
અંધારે અટવાવું પડે તો અટવાઈને, ગમે તેવી
ખીણોમાં અથડાવું પડશે તો અથડાઈને,
કૂટાઈને, કપાઈને, મરીને પણ મારે મારા
પ્રભુના શાસનને ઊંચે લાવવું જ રહ્યું.



આજે ભાગ્ય ખુલી ગયું છે. સુખના સાચા ઉપાયરૂપ જૈન ધર્મની જાણકારી થઈ છે, પ્રાપ્તિ થઈ છે. હવે પ્રમાદ પોષાય? સંસારમાં અનેક વર્ષો સુધી વેપારમાં સતત ઊંધો પડે, નુકશાની જ થાય. એવા માણસને વર્ષો પછી કમાવવાની કોઈ સાચી લાઈન મળી જાય તો કેટલો આનંદ પામે ! કેવો પુરૂષાર્થ કરે? એને તો આ જીવનના થોડા નિષ્ફળ વર્ષો પછી લાઈન મળે છે. આપણને તો થોડા વર્ષો નહિ અનંતકાળ પછી હવે સાચો રસ્તો મળે છે, તો પ્રમાદ શાને?



દુર્લભ એવો આ મનુષ્યભવ,
દુર્લભ સામગ્રી,
આ બધું સંસારના
ઢસરડાઓ કરવા માટે નથી,
ચારિત્રની સાધના કરીને,
આત્માને સર્વ દુઃખોથી મુક્ત
કરવા માટે છે.



સંસારનું ઉત્કૃષ્ટ સુખ પણ
અધ્યાત્મ સુખ આગળ
બિંદુ સમાન છે.



આર્યદેશમાં પ્રત્યેક વ્યક્તિનો વેશ પણ ખૂબ સંસ્કૃત હોય છે. સ્ત્રીઓમાં જે વેશ શરીરના અંગ, ઉપાંગોને બરાબર ઢાંકે છે, તે સંસ્કારી વેશ કહેવાય છે. જે વેશ પહેરતા શરીરના અંગોપાંગ ખુલ્લા થાય છે, તે વેશને ઉદ્ભટ વેશ કહેવાય છે.



શાસ્ત્રમાં પણ કહ્યું છે કે પુરુષ સ્ત્રીનો વેશ લે અને સ્ત્રી પુરૂષનો વેશ લે એ કામવાસના ઉત્પન્ન કરનારૂ છે. તેનાથી પોતાને પણ વાસના જાગે અને બીજાને પણ જાગે. શારીરિક રચનાને અનુરૂપ વેશથી આરોગ્યને પણ હાનિ પહોંચે છે. ગૃહસ્થને પણ જો નિરોગી અને સુખી જીવન જીવવું હોય તો સંયમ અને સદાચાર અનિવાર્ય છે. ઉદ્ભટવેશ વગેરે અશુભ નિમિત્તોથી સતત કે વારંવાર જેઓ સંયમ ગુમાવી બેસે છે, માનસિક પણ વિકૃતિ પામે છે. તેઓ શારીરિક દ્રષ્ટિએ પણ નિ:સત્વ બની જાય છે. માટે ઉદ્ભટવેશ વગેરે અશુભ નિમિત્તો સમાજનું અકલ્યાણ કરનારા છે, ખૂન કરતા પણ વધુ ખતરનાક ભાવહત્યા કરનારા છે, વિનાશ નોતરનારા છે. માટે આ એક સામાજિક મહાપાપ છે ...

ઉદ્ભટવેશથી અનેક બીજા જીવોના અંતરના ભાવો બગડે છે. વિકારો ઉત્પન્ન થાય છે. અને પતન પણ થવા સંભવ છે. બીજાના ચારિત્રને નુકશાન થાય તેવા વેશધારણ કરનારને પણ ઘોર ચારિત્રમોહનીય કર્મ બંધાય છે. આગળ જતા આ પ્રવૃત્તિ હેય ન લાગવાના કારણે મિથ્યાત્વ પણ આવે છે. અને ઘોર મિથ્યાત્વ મોહનીયકર્મ પણ બંધાય છે. પરિણામે સંસાર પરિભ્રમણ પણ વધે છે. દુર્ગતિના ભવોમાં ભટકવું પડે છે, માટે ઉદ્ભટવેશ એ લોક વિરુદ્ધ છે. શિષ્ટજનોને પણ આ ઉદ્ભટવેશ ઈષ્ટ હોતો નથી, તેથી આ લોક વિરુદ્ધ છે.

શાસ્ત્રમાં કહ્યું છે કે, પોતાની ભૂમિકાને અનુસાર સુશ્રાવકોને વેશ ઉચિત ગણાય છે. માર્ગાનુસારીના ગુણોમાં પણ આયોચિત વેશ-આવકને અનુરૂપ વેશ કહેલ છે. આમ ક્ષત્રિય, વણિક, તથા ઈશ્વર(શ્રીમંત) અનીશ્વર ,યુવાન, સ્થવિરાદિને સ્વપદને ઉચિત વેશ ધારણ કરવા કહ્યું છે. પણ શ્રાવક-ઉત્તમ જન ક્યારેય નટો-વિટોના જેવો વેશ ધારણ ન કરે.

આજે વેશની બાબતમાં સમાજનું ધોરણ ઘણું નીચે આવી ગયું છે. ચારે બાજુ ઉદ્ભટવેશોના પરિધાન દેખાય છે. મંદિરોમાં અને ઉપાશ્રયોમાં પણ વેશની મર્યાદા જળવાતી નથી. ઉદ્ભટવેશના કારણે સમાજમાં પણ બળાત્કાર અને ખૂન વગેરેના પણ પ્રસંગો લગભગ રોજ જાણવા મળે છે.

માટે અન્યોનો વાદ ના કરતા શ્રાવક-શ્રાવિકાઓએ ઉચિત અને મર્યાદાશીલ વેશને ધારણ કરવો. ઉદ્ભટવેશ લોક-વિરુદ્ધ છે. તેનો ત્યાગ કરવો..




ધન માટે ઝગડા થાય છે, માટે ધન મૂકી દેશો ? કાશ્મીર છે, તો એને માટે ઝગડો થાય છે, તો કાશ્મીર આપી દેશો? તો પછી ધર્મ માટે ઝગડા થાય છે, માટે ધર્મ મૂકી દેવાની વાત કેમ કરો છો ?



એવું કરોને સ્વામી !
જેથી રહુ ચઢતે પરિણામ;
ક્ષપકશ્રેણી આરોહણ કરીને,
પામુ કેવળજ્ઞાન.



મારું આ સ્વપ્ન છે,
આખું વિશ્વ
હિંસાથી મુક્ત થઈ જાય.






લોકમાં શ્રેષ્ઠ રાજા છે.
રાજા કરતા ચક્રવર્તી
શ્રેષ્ઠ, તેના કરતા ઈન્દ્ર
શ્રેષ્ઠ છે. આ બધા
કરતા ત્રણ જગતના
નાથ તીર્થંકરો અત્યંત
શ્રેષ્ઠ છે. તેઓ પણ
જેને નમે છે, તેવા
સંઘની વજ્રસ્વામી
આદિની જેમ,
જે ઉન્નતિ કરે છે,
તે ધન્યવાદને પાત્ર છે.

સંઘપૂજા એટલે સંઘવાત્સલ્ય,
સમસ્ત સંઘ પ્રત્યે હૃદયનો નિર્મળ પ્રેમ.
પ્રભુએ સ્થાપેલો આ સંઘ ખુબ જ મહાન છે.
એમ વારંવાર આત્માને ભાવિત કરવો.



શાંતરસ એટલે આકુળતા, વ્યાકુળતા વગરનું,
વિકલ્પોની હારમાળા વગરનું, ક્રોધાદિ
કષાયોના ઉદય વગરનું ક્ષયોપશમવાળુ ચિત્ત.
શાંત સરોવરના પાણી જેવું સ્થિર ચિત્ત.
આવા પ્રશાંત ચિત્તવાળા જીવને
આંતરિક અત્યંત આનંદનો અનુભવ થાય છે.



જેમના ધ્યાનથી જીવોના અનેક જન્મોમાં
ઉત્પન્ન થયેલ કર્મરૂપી રોગો નાશ પામે છે.
તે સિવાય નથી નાશ પામતા,
તે આ જગતના સ્વામી પરમાત્મા છે.



જીવનમાં પરિષહો અને ઉપસર્ગોને સહન કરવા,
અથવા કોઈ વિશિષ્ટ મહાન કાર્યોને કરવાની
ક્ષમતા કે સામર્થ્ય નથી. પરંતુ આપણને જે
પ્રતિકૂળ વર્તે કે ભૂલ કરે તેઓને
ક્ષમા આપવા જેવું કાર્ય આપણે ન કરી શકીએ?





જગતમાં જેટલા પરિષહો છે,
એ બધા અત્યંત સમાધિ પૂર્વક સહન
કરતા અનંત જીવો કેવલજ્ઞાનને પામ્યા છે.
સમતા - સમાધિ - ઉદાસીન - મધ્યસ્થતા
એ જ આરાધનાનો સાર છે,
એ માટે જ બધી આરાધનાઓ છે.


ગુરૂઓના ચિત્તને પ્રસન્ન રાખવાથી એવા આશીર્વાદ મળે છે કે, જેથી કિલષ્ટ કર્મો નાશ પામે છે. અને મન ખૂબ જ પ્રસન્ન રહે છે.



કાળ, કાયા અને કર્મનો
કાંઈ ભરોસો નથી.
કાળના કોલે આ
જીવને અનિચ્છાએ
પણ પરલોક જવું પડે
છે. સંધ્યાના રંગ જેવા
ચંચળ આ જીવનમાં
આત્મસાધનાની લૂંટ
ચલાવવામાં કશી કમી
રાખવાની નથી.



આજના દ્રશ્ય જગતમાં છ અબજ મનુષ્યમાંથી કદાચ એક ટકો નહી, પણ 0.1 ટકા જેટલામાં તમારો નંબર લાગ્યો. તમારા પુણ્યને ઓળખી લો. તેની કદર કરો. અનંતાનંત જીવોને જે મળ્યું નથી, અબજો મનુષ્યોને પણ જે નથી મળ્યું, અસંખ્ય દેવો, નારકી કે તિર્યંચોને પણ જે નથી મળ્યું, તે પ્રભુશાસન તમને મળ્યું છે. તમારા પુણ્યની કેટલી બધી પરાકાષ્ઠા છે. પણ અફસોસ, આ અતિ દુર્લભ વસ્તુની તમે કદર કરી શક્યા નથી. મોંઘેરી પળો તમે અર્થ અને કામ પુરુષાર્થ પાછળ ખર્ચીને બરબાદ થઈ રહ્યા છો. અમને તમારા પર કરૂણાભાવ ઉભરાય છે. તમારી પરિસ્થિતિને જોઈને હ્રદય દ્રવિત થઈ જાય છે. માટે હજી તમને આગ્રહ છે. જે શાસનને આરાધવાની તક અલ્પ જીવોને મળી છે, તે તમને પણ અલ્પ સમય માટે મળી છે. તેને સફળ કરો.



પોતાની ચેતનાના અદ્દભૂત અનુભવ પછી
તેમાં છૂપાયેલા, વિજ્ઞાનને તેની ભીતરી
શક્તિઓને, આનંદને જીવનમાં વધુ
પ્રસ્થાપિત કરવાનું મૂકીને તેમાંથી વધુ એવા
કયા અગત્યના કામમાં તું ગૂંથાયેલો છે?




જીવ કેવી મૂર્ખામી કરી રહ્યો છે કે,
અનંત કાળે અનંતાઅનંત દુઃખ મિટાવી
અનંતાઅનંત સુખ પ્રગટ કરી આપે તેવું
શાસન મળી ગયા પછી શરીર, કુટુંબ,
પત્ની, પુત્રો, ધન, મકાન, મુસાફરી, પાંચે
ઈન્દ્રિયોના સુખો, યશ વગેરે મોહરાજાએ
ગોઠવેલ જાળમાં ફસાઈ જાય છે.




મન એ વાંદરો છે. ખુદ મહાવીર પ્રભુને પણ નયસારના ભવમાં મન એ ગુરૂભક્તિ દ્વારા સમ્યક્ત્વ અપાવ્યું, સમ્યક્ત્વના પરિણામ પર મન બેઠું. ત્રીજા મરિચીના ભવમાં પ્રભુના ઉપદેશના આલંબનથી સર્વવિરતિપણાને પામ્યું, પણ તે જ ભવમાં શિથીલતા અને ઉત્સૂત્રતાના કારણે પાછું મિથ્યાત્વમાં ગયું.

મન નરકમાં લઈ જાય,
સ્વર્ગમાં લઈ જાય,
મન મુક્તિમાં પણ લઈ જાય,
પરંતુ મનને સાધવું દુષ્કર છે.




જ્યારે જ્યારે કોઈના તરફથી પ્રતિકૂળ વર્તન જણાય અથવા જ્યારે જ્યારે કોઈ ધનાદિ હાનિના વગેરે સંયોગ દેખાય ત્યારે સજ્ઝાયની આ કડી વિચારવી.


"તુમ નહીં કેરા, કોઈ નહીં તેરા, ક્યાં કરે મેરા મેરા;
તેરા હૈં સો તેરી પાસે, અવર સબ હૈ અનેરા.
આપ સ્વભાવમાં રે..."




સંસારના ત્રણે કાળના સુરેન્દ્રો, દેવો, ચક્રવર્તીઓ, રાજાઓ, શ્રેષ્ઠીઓ વગેરેના ભૌતિક સુખો કરતા અનંતગણું સુખમય મોક્ષ છે. તેવું બોલીએ છીએ, રટીએ છીએ, પણ આત્મામાં એકરસમય થયું નથી. તેથી જ સંસાર ચાલે છે.



“બહિર્ભાવોથી નિવૃત્ત થઈ,
આતમભાવમાં આત્મા રમે,
અવિચળ સુખડા મુક્તિના,
શાશ્વત કાળ લગી તે અનુભવે.”



હે નાથ ! મારા મનને એવું
ઉજ્જવળ બનાવો કે જેથી
હું સમ્યક્ત્વ પામી, સર્વ
વિરતિની સાધના કરી,
ક્ષપક શ્રેણી આરોહણ કરી,
ઘાતિ કર્મનો ક્ષય કરી,
શીઘ્ર કેવલજ્ઞાન પામી,
યોગ - નિરોધ -
શૈલેશીકરણ કરીને
નિર્વાણને પામું.



ત્રણ જગતમાં એક પણ સુખ કે
મુક્તિનું સુખ પણ એવું નથી,
જે ધર્મના સામર્થ્યથી ન મળી શકે.




પરમાત્માની અચિંત્ય શક્તિ, અનન્ય પ્રભાવ
વગેરે પર દૃઢ શ્રદ્ધા જોઈએ. સતી સ્ત્રીના
મનમાં પોતાના પતિ સિવાય બીજા કોઈનું
સ્થાન નથી હોતું. એ રીતે આપણા ચિત્તમાં
પ્રભુ સિવાય બીજું કોઈ ન હોવું જોઈએ.
આપણા દશ પ્રાણ,
સાત ધાતુ અને સાડા ત્રણ કરોડ
રોમરાજીમાં સર્વત્ર એક માત્ર
પ્રભુનો વાસ કરવાનો છે.



# હિંસા મુક્ત વિશ્વ
## વૈચારિક અભિયાન

VIOLENCE FREE WORLD

www.vfw.life


એક વૈચારિક - અભિયાન

રોજ આખા દિવસમાં એક જ 2 મિનિટ ચિંતન કરો

" વિશ્વ હિંસાથી મુક્ત બનો
અહિંસાનું સામ્રાજ્ય વિસ્તરો
સર્વ પ્રકારની હિંસાઓ દૂર થાય "

હજારો લાખો માણસોના આ ચિંતનથી
સમસ્ત વિશ્વ રૂપાળું થશે.

# visit: www.vfw.life

To Download App

GET IT ON Google Play